3BGC2



# ચોથા માગીની કથા

રેવ. જયાનંદ આઈ. ચૌહાણ

3BGC2

સપ્રેમ ભેટ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# ચોથા માગીની કથા

રજૂ કરનાર : રેવ. જયાનંદ આઈ. ચૌહાણ

ગુજરાત ક્રિશ્ચિયન લીટરેચર બોર્ડ

અમદાવાદ

# પ્રસ્તાવના

સ્નેહી મિત્રો,

ખ્રિસ્તજયંતિનું પર્વ આપ સર્વને મુબારક હો! હેનરી વાન ડાઈકના "ધી અધર વાઈઝમેન" નામના અંગ્રેજી પુસ્તક પરથી આ પુસ્તક "ચોથા માગીની કથા" રેવ. જયાનંદ આઈ. ચૌહાને તૈયાર કર્યું છે. એના પૂઠા પરનું ચિત્ર તેમ જ અંદરનાં પાંચ ચિત્રો ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી રજનીકાન્ત કે. વ્યાસે તૈયાર કર્યાં છે.

ગુજરાત ક્રિશ્ચિયન લીટરેચર બોર્ડ (ગુજરાત ટ્રાકટ સોસાયટી) આ ૧૯૭૭ની સાલમાં એના અસ્તિત્વનું ૧૨૫મું વર્ષ ઉજવશે, જેના માટે આપણે મહાન સર્જક ઈશ્વરપિતાના આભારી છીએ. આ જ્યુબિલિ નિમિત્તે ખાસ કરીને ગુજરાતનાં બાળકો માટે દશ જેટલી સચિત્ર, રંગીન, નયન રમ્ય પુસ્તિકાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ રંગરંગી પુસ્તિકાઓથી બાળકો રંગ અને રેખામાં સુરેખ રીતે રજૂ થતા ખ્રિસ્તી સાહિત્યનો રસાસ્વાદ માણશે. "ચોથા માગીની કથા" માં તમે આ રંગરંગી આકર્ષક ચિત્રોની આછી ઝલક માણી શકશો.

આ પુસ્તિકાઓના સુંદર દીર્ઘદ્રષ્ટી આયોજન માટે અમે બાળ સાહિત્ય સમિતિ રેવ. જયાનંદ આઈ. ચૌહાન, શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ, શ્રી સેમ્યુઅલ ત્રાજકર, શ્રીમતી સુસાન્નાબહેન માસ્ટર તથા સેક્રેટરી ડૉ. હેમિલ્ટન સત્વેદીના આભારી છીએ. ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રજનીકાન્ત વ્યાસનો હૃદયના ઉમળકાથી આ કાર્યમાં સહયોગ આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

તારીખ. ૨૫-૧૨-૧૯૭૬

હેમીલ્ટન સત્વેદી
સેક્રેટરી, ટ્રા. સો.

# ચોથા માગીની કથા

પૂર્વ દેશના પેલા ત્રણ માગીઓની વાત તો તમે જાણો છો. બેથલેહેમ ગામની ગભાણમાં બાળ ઈસુના ચરણોમાં પોતાનાં અર્પણ ધરવા તેઓ કેવી રીતે ગયા હતા તે, અને પછી શું શું બન્યું એ પણ તમે જાણો છો.

પણ ચોથા માગીની કથા તમે કદી સાંભળી છે? તેણે પણ પેલો ઊગતો તારો તો જોયો, અને તેની પાછળ પાછળ મુસાફરી કરી. પરંતુ પોતાના સાથીઓનો સંગાથ તે કરી શક્યો નહિ, તેમ જ બાળ ઈસુનાં દર્શન પણ પામી શક્યો નહિ. જન્મેલા રાજાનાં દર્શન કરવા એની કેટલી બધી અભિલાષા હતી! પણ એ અભિલાષા કેવી અફળ બની! અને છતાંયે એ નિષ્ફળતામાં જ એની અભિલાષા એના સાચા સ્વરૂપમાં કેવી અજાયબ રીતે સફળ થઈ! આ માગીએ રાજાનાં દર્શન માટે ખેડેલી યાત્રાઓ અને એનાં ઊંડાં મનોમંથનો, અને ઈસુ રાજાને પામવાનો ઉચ્ચત્તમ માર્ગ,—એ બધા વિષે મારે તમને કહેવું છે.

### આકાશી એંધાણ

રોમન સલ્તનત ઉપર કૈસર ઑગસ્તસની આણ વર્તતી હતી, અને રાજા હેરોદ યહુદિયા પ્રાંત ઉપર રાજ કરતો હતો, એ અરસામાં ઈરાનના પહાડી પ્રદેશના એકબાતાના શહેરમાં આર્તબાન નામે એક માદીવંશી પંડિત રહેતો હતો. ફારસી રાજ્યના ખજાનામંદિરને ફરતી સાત દિવાલોમાંની છેલ્લીની પાસે એનું નિવાસસ્થાન આવેલું હતું.

આર્તબાનની આલેશાન ઇમારત આસપાસ સુંદર બગીચો હતો. ઓરાન્તેસ પહાડ પરથી વહી આવતાં અનેક ઝરણાંનું પાણી આ બગીચાનાં વૃક્ષો અને લતાકુંજોને સતત મળ્યા કરતું. પંખીઓના મધુર કલરવથી આખુંયે ઉદ્યાન સંગીતસભર બની રહેતું. પણ આજે

શરદની પાછલી રાતના કોમળ અને સુવાસભર્યા અંધકારમાં ઉદ્યાનનું વાતાવરણ રંગબેરંગી મટીને જાણે કે શાંત અને શૂમકારભર્યું બની ગયું હતું. માત્ર ઝરણાંનાં વહેતાં નીરના કલકલ નિનાદ અસ્ખલિત સંભળાયે જતા હતા. ઉપલે મજલે આર્તબાને મિત્રોની મિજલસ ગોઠવી હતી. મજલાની ઝૂલતા પડદાવાળી કમાનોમાં થઈને પ્રકાશનાં કોઈ કોઈ કિરણો આસપાસની વનરાજીની ટોચો પર ફેલાતાં હતાં.

આમંત્રિતોને આવકારવા આર્તબાન પોતે દરવાજે ઊભો હતો. એની ઉંમર ચાલીસ આસપાસની, શરીરે કંઈક ઊંચો અને કંઈક શ્યામ. ભવ્ય લલાટની નીચે એની આંખો ચિંતનસભર તેજધારાથી દીપી ઊઠેલી લાગતી. એના સુંદર પાતળા હોઠોની કમાન આસપાસ દૃઢ રેખાઓ પથરાયેલી રહેતી. કપાળ એનું સ્વપ્નદ્રષ્ટાનું અને મુખારવિંદ શૂરવીરનું હતું. લાગણીપ્રધાન લાગતો છતાં દૃઢ મનોબળ ધરાવતો આ આદમી, ગમે તે યુગમાં જન્મ્યા હોય પણ ઊંડા હૃદયમંથન અને સત્યની શોધ માટે જ જન્મ્યા હોય એવા પુરુષોમાંનો એક હતો. એણે માંહેના રેશમી બદન ઉપર ધવલ નિર્મળ સુતરાઉ ઝભ્ભો પહેર્યો હતો. માથે એવો જ શ્વેત શિખરધારી શિરબંધ પહેર્યો હતો. શિરબંધની કિનારનાં ઝૂમતાં એના કાજળકાળા વાળમાં શોભી રહ્યાં હતાં. અગ્નિપૂજકોના કુળગુરુનો એ પોષાક હતો.

આમંત્રિતો જેમ જેમ આવતા ગયા તેમ તેમ આર્તબાન તેમને ભાવભીનો આવકાર આપતો ગયો, “પધારો, પધારો, આબ્દુસ, તમને શાંતિ હો. રોદાસ્પસ અને તિગ્રાનસ, તમને પણ શાંતિ હો. અને તમનેય, પિતા આબગારુસ. તમે આવ્યા તેથી આનંદ થયો. તમારા પધાર્યાથી ઘર પ્રકાશિત થયું.

મહેમાનો નવ હતા. તેઓમાં ઉંમરનો તફાવત તો ઝાઝો હતો, પણ બધાના પોષાક એક સરખા હતા. પ્રત્યેકનાં વસ્ત્ર રેશમી, બહુરંગી અને કિંમતી હતાં. તેઓએ કિંમતી સોનેરી ગલૂબંધ પહેર્યા હતા, જે દર્શાવતું હતું કે તેઓ બધા ફારસ દેશના અગ્નિપૂજકો હતા.





પૂજાખંડમાં એક તરફ કાળી વેદી ઉપર અગ્નિ જલી રહ્યો હતો. તેઓ અગ્નિવેદીની ચારે તરફ આસનો પર બેઠા. આર્તબાને ઝાડની ડાંખળી વડે, મંત્રોચ્ચારણ કરતાં કરતાં અગ્નિ ઉપર જલ-છંટકાવ કર્યો. અને અગ્નિમાં સુખડચંદન અને સુવાસિત તેલ હોમ્યું. પછી એણે પુરાતન ધર્મમંત્રની ઘોષણા શરૂ કરી. એટલે એના સાથીઓ પણ એમના દેવ અહુરમઝદના મધુર સ્તુતિગાનમાં જોડાયા.

મંત્રોચ્ચારણની સાથે સાથે અગ્નિજ્યોત ઊંચી ચઢવા લાગી, જાણે એ ખુદ સંગીતની બનેલી ન હોય! હવે તો આખોય પૂજાખંડ પ્રકાશિત પ્રકાશિત બની ગયો. વાતાવરણ કેવું પરમ પાવન બની ગયું હતું!

પૂજાખંડનું ઘેરા નીલરંગી લાદી-મઢયું ભોંયતળિયું અંદર આંકેલી શ્વેત રેખાઓથી ઓર દીપતું હતું. લીલી દીવાલોમાં ચાંદીના વળ ચઢાવેલ તારની કડીઓ જડી હતી. એ કડીઓમાં સરકાવેલા વજનદાર અને ચકચકિત રેશમી પડદાઓ કમાનદાર બારીઓ ઉપર ઝૂલી રહ્યા હતા. ઘૂમટઘેરી છતમાં નીલમણિ ઝળાંઝળાં થઈ રહ્યા હતા, અને નીરભ્ર ગગનના રૂપલા તારલાશા ઝગી રહ્યા હતા. છતને ચાર ખૂણે ચાર ભેદી સુવર્ણચક્રો લટકતાં હતાં. વેદીના પાછલા ભાગમાં પૂર્વ તરફ ઘેરા રક્તરંગી પથ્થરના બે સ્તંભ હતા, અને એ સ્તંભો ઉપર એવા જ રંગના પથ્થરનો ઓતરંગ હતો. અને ઓતરંગ ઉપર પાંખોવાળા ધનુર્ધારીનું ચિત્ર કંડારેલું હતું. એણે પણછ પર બાણ ચઢાવીને ખેંચેલું હતું.

આ રક્તરંગી સ્તંભોના બનેલા દ્વારમાં થઈને ઉપર અગાશીમાં જવાતું હતું. એ દ્વાર ઉપર પાકટ દાડમદાણાશા રંગનો પડદો ઝૂલી રહ્યો હતો. તેમાં જડેલા અગણિત રક્તમણિનાં રક્તકિરણો ખંડમાં સર્વત્ર રેલાતાં હતાં, જાણે કોઈ નિર્મળ રાતે તારામંડળોથી શોભતા ઉજ્જ્વલ અને શ્વેત આકાશમાં ઉદયાચલે પ્રભાતના ગુલાબી ઝબકારા વાગતા ન હોય! ઘરમાલિકના આચારવિચાર આ બધાંમાં જાણે કે પ્રતિબિંબિત થતા હતા.

સ્તુતિગાન પૂરું થતાં આર્તખાન પોતાના મિત્રોને પશ્ચિમ તરફ આવેલા દિવાનખંડમાં લઈ ગયો.

બધાના બેઠા પછી સૌને સંબોધીને તે બોલ્યો, "સુબંધુઓ, તમે બધા જરથોસ્તી ધર્મના પંડિતો છો, અને જેમ આ વેદી ઉપર અગ્નિ અત્યારે સચેત થયો છે, તેમ તમે બધા તમારો ભક્તિભાવ તેમ જ પ્રભુ પ્રત્યેની તમારી વિશુદ્ધ શ્રદ્ધા સચેત કરવા મારું આમંત્રણ સ્વીકારીને આવ્યા છો. આપણે અગ્નિની તો નહિ, પણ અગ્નિ જેનું પ્રતીક છે એની આરાધના કરીએ છીએ. અગ્નિને આપણે પ્રતીક માન્યું, કારણ, સર્વ સૃજ્ય તત્વોમાં એ પરમ શુદ્ધ છે. જે પોતે પ્રકાશ છે અને સત્ય છે એનો એ મહિમા ગાય છે. કેમ ખરું ને, પિતાજી!"

વૃદ્ધ આબગારુસે ઉત્તર વાળ્યો, "ખરું કહ્યું, દીકરા, પ્રજ્ઞજનો કદી મૂર્તિપૂજા કરતા નથી. તેઓ સ્થૂળ રંગરૂપનો પડદો ઊંચો કરીને સત્યના પરમ મંદિરમાં પ્રવેશે છે, અને પુરાતન પ્રતીકો દ્વારા પ્રકાશ અને સત્ય પામતા જાય છે."

"ત્યારે સાંભળો, પિતાજી અને તમે સુબંધુઓ પણ," આર્તખાને બહુ શાંતિપૂર્વક કહેવા માંડયું, "અતિ પુરાતન પ્રતીક દ્વારા મને જે નવો પ્રકાશ અને સત્ય પ્રાપ્ત થયાં તે તમને જણાવું. આપણે બધાએ કુદરતના મર્મો શોધ્યા છે, અને પાણી, અગ્નિ તથા વનસ્પતિના ઔષધિગુણોનો અભ્યાસ કર્યો છે. આપણે અગમવાદના ગ્રંથો પણ ઉથલાવ્યા છે, અને એના અભ્યાસ પરથી જોયું છે કે એ અગમવાણીના ગ્રંથોમાં, સમજવા માટે અઘરા એવા શબ્દોમાં ઝાંખાં ભવિષ્યવચનો ભાખવાંમાં આવેલાં છે. પણ નક્ષત્રજ્ઞાન સૌથી ચઢિયાતી વિદ્યા છે. અને એના ઉકેલ શોધી કાઢવા તે જીવનના મર્મોના અટપટા તાણાવાણાને પહેલેથી છેલ્લે સુધી ઉકેલવા બરાબર છે. જો એનું સંપૂર્ણ ભાનજ્ઞાન આપણને થઈ જાય, તો તો પછી આપણે સર્વ રહસ્યો ઉકેલી શકીએ અને આપણી આગળ કશું છૂપું

રહે નહિ. પણ આ બધા સંબંધીનું આપણું જ્ઞાન કેટલું બધું અલ્પ અને અધુરું છે! આપણી આકાશગંગાની પેલે પાર હજી અનેક બીજા તારા નથી શું?"

એ કથન પર તેમનામાં ગણગણાટ શરુ થયો. તિગ્રાનસ બોલ્યો: "તારાઓ તો શાશ્વત વિચાર છે. તેઓ અગણિત છે. પણ મનુષ્યના વિચાર તો, જેમ એની વયનાં વર્ષોની ગણતરી થઈ શકે છે તેમ, ગણી શકાય છે. માગીકુળનું જ્ઞાન પૃથ્વી પરના સર્વ જ્ઞાનમાં મોટું છે. કારણ, માગી પોતાના અજ્ઞાનપણા વિષે સભાન છે. અને શક્તિનું સાચું રહસ્ય એમાં જ છે. આપણે દરરોજ નવો સૂર્યોદય ઝંખીએ છીએ અને એની રાહ પણ જોઈએ છીએ. પણ આપણે એટલું તો ચોક્કસ જાણીએ છીએ કે અંધકાર અને પ્રકાશ બંને સરખા જ છે. અને એ વચ્ચેના સનાતન જંગનો કદી અંત આવવાનો જ નથી."

આર્તબાને પ્રત્યુત્તરમાં કહ્યું, "એવા નિરાશામય વિચારથી મને સંતોષ નથી, કારણ કે, જો આશા કદી ફળવાની નથી અને એનો છેડો આવવાનો નથી, તો પછી ઝંખ્યા કરવું અને રાહ જોયાં જ કરવી એમાં મને તો કંઈ ડહાપણ દેખાતું નથી. પણ ઠરાવેલે સમયે નવો અને કાયમી સૂર્યોદય થશે જ. અંધકારમાં વસતાં માણસો પર ઉપરથી અરુણોદય આવશે, અને તેઓ સનાતન સૂર્યના ઝળહળિત પ્રકાશમાં આખરે આવશે, એવું આપણા પોતાના જ ગ્રંથોમાં ભવિષ્ય ભાખેલું નથી શું?"

વૃદ્ધ આબગારુસ બોલ્યો, "તદ્દન સાચું! ઝરથુસ્તનો દરેક ખરો અનુયાયી અવસ્તાનું ભવિષ્યકથન જાણે છે, અને એને પોતાને હૈયે સંઘરી રાખે છે. એ ઠરાવેલે સમયે પૂર્વના પયગમ્બરોમાંથી પરમજ્ઞાનશ્રોત જનકલ્યાણકારી આકાશી અવતાર આવશે. એ પરમ પ્રકાશસમો હશે. જીવનને એ અનંતકાળિક, નિષ્કલંક અને અમર બનાવી દેશે, અને મૃતજનો પાછાં સજીવન થશે."

તિગ્રાનસે કહ્યું, "એ શાસ્ત્રકથન અતિ માર્મિક છે. અને મને તો લાગે છે કે એને આપણે કદી સમજી શકવાના નથી. એટલે જ તો

જેને નજરે દેખી શકીએ છીએ એ સંબંધી જ વિચારવું ડહાપણભર્યું કહેવાય. શા માટે કોઈ પરદેશી તરફ મન દોડાવવું અને આપણને પોતાને તેને સ્વાધીન કરવા? આપણે માટે તો, આપણા જ વતનના માગીકુળની સત્તા અને મહિમા વધારવાં સારાં."

બીજાઓ પણ આ વાતમાં સંમત થયા હોય એમ તેમનાં મોં પરના ભાવથી દેખાતું હતું. છતાં આર્તબાન, હૈયામાં ભંડારેલા ઉલ્લાસથી, આબગારુસ તરફ ફરીને બોલ્યો,

"પિતાજી, મેં મારા આત્માના અભ્યંતરમાં એ ભવિષ્યવાણી ભંડારી રાખી છે. અમર આશા વિનાનો ધર્મ ઝળહળિત અગ્નિ વિનાની વેદી જેવો છે. અને હવે તો અમર આશાના અગ્નિની શિખા વધુ પ્રકાશિત બની છે, અને એના પ્રકાશ દ્વારા શાશ્વત સત્યના પ્રવાહમાંથી આવતા બીજા શબ્દો પણ મેં વાંચ્યા છે, જે સ્પષ્ટ જણાવે છે કે એ આકાશી અવતાર સ્વયંપ્રકાશિત હશે."

આર્તબાને પોતાના અંદરના બદનમાંથી ડાઘવિણ વસ્ત્રના બે નાના વીંટા કાઢ્યા, પોતાના ઘૂંટણ ઉપર મૂકીને હળવેથી ખોલ્યા, અને એમાંનું લખાણ વાંચવા માંડ્યું:

"આપણા પૂર્વજો બાબિલોન દેશમાં જઈને વસ્યા તે પૂર્વે સેંકડો વર્ષો પર ખાલ્દીઓના દેશમાં જ્ઞાની પુરુષો હતા. તેમની પાસેથી પ્રાચીનકાળના માગીઓએ આકાશનો મર્મ જાણેલો. અને તેમાંયે બેઓરના પુત્ર બલઆમે તો બહુ સ્પષ્ટ વાણીમાં અગમવચન આપ્યું હતું. તેણે કહ્યું હતું, 'યાકૂબમાંથી એક તારો ઝબૂકશે, અને ઇઝરાયલમાં રાજદંડ ઊઠશે.'"

ઘૃણાથી તિગ્રાનસે હોઠ લંબાવ્યા. એ બોલ્યો, "યહૂદા તો બાબિલોનમાં બંદિ બન્યો હતો, અને યાકૂબપુત્રોને તો આપણા રાજાઓએ ગુલામ બનાવીને રાખ્યા હતા. આજે તો ઇઝરાયલ પ્રજા, ખોવાયેલાં ઘેટાંની પેઠે, ક્યાંની ક્યાંયે ખોવાઈ ગઈ છે. બાકીની

થોડીક યહૂદી પ્રજા યહુદિયામાં રોમની હકુમત નીચે છે. ના, તેમાંથી કોઈ તારો કે રાજદંડ ઊઠી શકવાનો જ નહિ."

આર્તબાને જવાબ વાળ્યો, "તોયે મહાન સ્વપ્નદ્રષ્ટા યહૂદી દાનિયેલ રાજાઓનો મહામંત્રી હતો, અને એ જ્ઞાની દાનિયેલને આપણા શહેનશાહ કોરેશ પણ પુષ્કળ ચાહતા, અને એનું ભારે સન્માન કરતા. એ દાનિયેલે આપણા આગેવાનોને પૂરવાર કરી બતાવ્યું હતું કે સાચા અર્થમાં એ પોતે ભવિષ્યવેત્તા અને ઈશ્વરના ઈરાદાઓ ઉકેલનારો હતો. જુઓ, એણે કેવું ભવિષ્યકથન કર્યું છે! (આર્તબાને બીજા વીંટામાંથી વાંચવા માંડ્યું): "એ માટે જાણો અને સમજો કે, યરૂશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ થયા પછી અભિષિક્ત રાજાને આવતાં સાત અને બાસઠ અઠવાડિયાં લાગશે." (જુઓ દાનિયેલ ૯નો આખરી ભાગ).

આબગારુસે શંકા રજૂ કરી, "પણ દીકરા, આ આંકડા તો માર્મિક છે. એના મર્મની ખરી જાણ કેવી રીતે થાય અને એના અર્થનો ભેદ કોણ જણાવી શકે? એના રહસ્યની ચાવી ક્યાંથી મળે?"

આર્તબાને સ્પષ્ટતા કરી, "એ આંકડા અને કથનનો મર્મ મને અને મારા ત્રણ માગી મિત્રોને બતાવવામાં આવ્યો છે. આ મારા માગીમિત્રો છેઃ કાસ્પર, મેલશિયોર અને બેલ્થાઝાર. ખાલદીપ્રદેશનાં પુરાણાં કોષ્ટકો અમે શોધી કાઢયાં છે, અને એના અભ્યાસ દ્વારા આ આંકડાઓમાં સૂચવેલો સમય અમે શોધી કાઢયો છે. ગણતરી પ્રમાણે ચાલુ વર્ષમાં જ એ સમય આવે છે. અમે આકાશોનું નિરીક્ષણ કર્યું છે, અને આ વર્ષે વસંતઋતુમાં બે મોટા તારાને મીનરાશિમાં એકબીજાની પાસે પાસે આવતા જોયા. મીનરાશિ તો હિબ્રૂપ્રજાનું ઘર છે. આ ઉપરાંત અમે એક તદ્દન નવો તારો પણ જોયો. તે એક રાત માટે પ્રકાશ્યો અને પછી અદૃશ્ય થયો.

"હવે ફરીથી પેલા બે તારા ભેગા થવાના છે. આજ રાતે જ એમનું મિલન છે. મારા ત્રણેય માગીમિત્રો બાબિલોનિયામાં બોર્સિપ્પા

નજદિક આવેલા સપ્તમંડળના પુરાણા મંદિરે નિરીક્ષણ કરી રહ્યા છે, અને હું અહીં કરું છું. જો પેલો એક જ રાત માટે ચમકેલો નવો તારો આજે ફરી દેખાશે, તો એ ત્રણે જણ એ મંદિરે દશ દિવસ સુધી મારી રાહ જોશે. એ પછી ઇઝરાયલના જનમનાર રાજાનાં દર્શન કરવા તેઓ યરૂશાલેમ જવા ઉપડી જશે. મને ખાતરી છે કે પેલો તારો દેખાશે જ.

" મુસાફરી માટે મેં બધી તૈયારી કરી દીધી છે. મેં મારી માલ-મિલકત અને ઘરબાર બધું વેચી નાખીને એમાંથી આ ત્રણ રત્નો બાળરાજાને ભેટ ધરવા ખરીદી લીધાં છે. આ રહ્યાં એ ત્રણે રત્નો : સૂર્યમણિ, નીલમણિ અને મહામોલું મોતી. અમારી સાથે આ યાત્રામાં જોડાવા તમને પણ હું આગ્રહ કરું છું, જેથી એ પરમપૂજ્ય રાજાનાં દર્શન કરવાનો આનંદ આપણે સાથે માણી શકીએ." આમ કહેતાં કહેતાં એણે કમરબંધમાંથી ત્રણ મોટાંમોટાં રત્નો કાઢયાં. એક ઉદયાચલના કસુંબલ બાલભાનુ કરતાંય અદકી લાલ ચમક ધરાવતું હતું, બીજું નિર્મળ રાત્રિએ આકાશના નીલઘુમ્મટશુ નીલવર્ણું હતું. અને ત્રીજું સંધ્યા સમયે દેખાતા હિમગિરિના ઉજ્જવલ શિખર જેવું શુદ્ધ હતું. એણે એ રત્નોને સામેના વસ્ત્રના વીંટા ઉપર મૂકયાં.

એનું સાંભળીને બેઠેલા મિત્રો તો શૂનમૂન બની ગયા, અને જાતજાતની શંકા-અશ્રદ્ધા તેમના મોં ઉપર ઉભરાવા લાગી. જાણે માન્યામાં ન આવે એવું ભયંકર સ્વપ્ન, કે કદી સાકાર ન જ બની શકે એવી સાહસકથા તેઓ સાંભળી રહ્યા હોય એમ તેઓ આશ્ચર્યચકિત બનીને એકબીજા સામે જોવા લાગ્યા.

છેવટે તિગ્રાનસ બોલ્યો, " આર્તબાન, આ તો માત્ર દિવાસ્વપ્ન છે. તારાઓ સામે ઝાઝું જોઈ રહેવાથી અને ભારે ભારે વિચારોના ચગડોળે ચઢવાથી આવું જ પરિણામ આવે. એના કરતાં તો ચલા નગર નજદિકના અગ્નિમંદિર માટે નાણાં એકત્ર કરવામાં સમય આપવો ડહાપણભર્યું છે. હું તો દઢપણે માનું છું કે ઇઝરાયલની

વેરવિખેર થઈ ગયેલી પ્રજામાંથી કદીયે કોઈ રાજા આવવાનો નથી, તેમ જ અંધકાર તથા પ્રકાશ વચ્ચેના શાશ્વત જંગનોયે કદી પણ અંત આવવાનો નથી. આવા તરંગી વિચારોમાં રાચનારો પડછાયાને બાચકા ભરનારો જ ગણાય. લો, જાવ ત્યારે. આવજો."

વળી બીજાએ કહ્યું, "આર્તબાન, મને તો આ બાબતોનું કંઈ જ્ઞાનભાન નથી. વળી રાજ્યની તીજોરીની જવાબદારી મારે શિર હોવાથી મારાથી તો અહીંથી ખસાય નહિ, અને એવી શોધમાં મારાથી જોડાઈ શકાય નહિ. પણ તમે જો જવાનો પાકો નિર્ણય કરી જ લીધો હોય તો તો માર્ગે તમારી ક્ષેમકુશળતા ઇચ્છું છું."

વળી ત્રીજાએ કહ્યું, "મારી નવપરણિત પત્ની ઘરમાં ઊંઘે છે, એને એકલી છોડીને તમારી સાથે હું ન આવી શકું, કે ન તો એને આ અદ્ભુત યાત્રામાં સાથે લઈ શકું. આ શોધમાં નીકળવાનું મારું ગજું નહિ. પણ જ્યાં જ્યાં તમારો માર્ગ તમને લઈ જાય ત્યાં ત્યાં અહૂરમઝ્દ તમને કુશળ રાખો."

વળી બીજો એક બોલ્યો, "હું તો બિમાર છું, અને સંકટો સહેવાને માટે અશક્ત છું. એટલે હું તો સાથે આવી શકીશ નહિ, પણ તમે નીકળશો ત્યારે તમારા સમાચાર અવારનવાર મળતા રહે માટે મારા એક નોકરને તમારી સંગાથે મોકલીશ."

બધા ચાલ્યા ગયા. એક માત્ર ઊંડા વિચારમાં ડૂબી ગયેલો વૃદ્ધ આબગારુસ એકલો જ બેસી રહ્યો. તે આર્તબાનને ખૂબ ચાહતો હતો. તે હવે ગંભીર વદને બોલ્યો, "દીકરા, આકાશે ઊગેલા એ સાંકેતિક તારામાં સત્ય અને પ્રકાશેય હોઈ શકે. તો તો એ રાજા અને મહાતેજપૂંજ જરૂર પ્રટકશે. અથવા તિગ્રાનસે કહ્યું તેમ, એ માત્ર પ્રકાશનો આભાસ જ હોય, ત્યારે તો એની પાછળ પાછળ જનારને માત્ર લાંબી રઝળપાટ જ થાય, અને શોધનું પરિણામ શૂન્ય આવે. પણ નિર્માલ્ય સંતોષ મેળવવા કરતાં તો ઉત્તમો-ઉત્તમની માત્ર છાયાને પણ અનુસરવું એય એક લહાણું છે, અને

સારું છે. અને જેને અદ્દ્ભુત બનાવો જોવાની ખેવના હોય તેણે તો એકલાય પ્રયાણ કરવા તૈયાર રહેવું ઘટે. હું ઇચ્છું છું કે તારી સાથે આવું, પણ હું એટલો બધો વૃદ્ધ બની ગયો છું કે આવી યાત્રાનો વિચાર સરખોયે ન કરી શકું. પણ મારું દિલ તો સતત તારી યાત્રામાં સાથે સાથે જ હશે. તારી શુભ શોધનું પરિણામ જાણવાથી આનંદ થશે. જા, ઈશ્વર તને માર્ગમાં ક્ષેમકુશળ રાખો.” એમ એક પછી એક બધા જ ગયા, અને હવે આર્તબાન એકલો પડ્યો.

એણે રત્નો ઉપાડીને કમરબંધમાં પાછાં મૂક્યાં. તે કંઈ કેટલોયે સમય સુધી ઊભો ઊભો વેદી ઉપરની વળાંકો લેતી અગ્નિશિખા સામે તાકી રહ્યો. પછી વેદી પાછળના પેલા પથ્થરને દરવાજે થઈ ઉપર અગાશીમાં ગયો.

રાત્રિનો છેલ્લો પ્રહર હતો. પ્રભાતી ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો હતો. પ્રભાતને વધાવવા શિતળ પવન હિમગિરિ ઓરેન્તસની વિશાળ ખીણોમાંથી મંદમંદ વહેવો શરૂ થયો હતો. વૃક્ષોનાં ઝૂંડમાં અર્ધજાગ્યાં પંખીઓનો મધુર કલરવ શરૂ થવા માંડ્યો હતો, અને પાકી ચૂકેલી દ્રાક્ષાની માદક સુગંધ આસપાસના લતાકુંજોમાંથી ઊઠતી હતી.

પૂર્વગમના મેદાનમાં ઘેરું ધૂંધળું ધૂમસ છવાઈ ગયું હતું. પણ આગ્રોસ પર્વતનું શિખર દૂર પશ્ચિમમાં આકાશગંગાને ભેદી રહ્યું હતું. એ વિસ્તારમાં આકાશ નિર્મળ હતું. બૃહસ્પતિ અને શનિના ગ્રહો એકબીજાને આલિંગવા ધસતા લાગતા હતા.

આર્તબાન તેમને જોઈ રહ્યો હતો એવામાં જ નીચાણના અંધકારમાંથી એક તેજઅંબાર ઝબૂક્યો. તેના કિરમજી તેજપૂંજની આસપાસ જાંબુરંગી પ્રકાશ ઝળહળી રહ્યો હતો. એની કેસરી અને નારંગી કિરણાવલીને ભેદીને એનાં ધવલ કિરણો દૂર દૂર ફેલાતાં હતાં. આ તારલો ઝીણો અને ઘણો દૂર છતાં સર્વાંગ સુંદર હતો. આકાશી ઘુમ્મટમાં એ એવો તો ઓપતો હતો કે આર્તબાન માગીનાં

ત્રણેય રત્નો એકમય બનીને એ તારલામાં જાણે ન શોભતાં હોય!

આર્તબાન પોકારી ઊઠ્યા, "બસ, એ જ આકાશી નિશાની છે! રાજા આવે છે, અને હું એમનાં દર્શને જવાનો જ જવાનો."

### બાબિલોન તરફ

આર્તબાનની સૌથી પાણીદાર ઘોડી વાસદા તબેલામાં રાહ જોતી જમીન ઠપકાર્યા કરતી હતી. એ પણ પોતાના માલિકનો હેતુ જાણે સમજતી હોય એમ મુસાફરીએ નીકળી પડવા આતુર આંખે ખડી હતી.

પ્રભાત ઉઘડું ઉઘડું થઈ રહ્યું હતું. અને ખીણમાંનું શ્વેત ધુમ્મસ ધીરે ધીરે ઉડવા માંડે તે પહેલાં તો ચોથા માગી આર્તબાને ઘોડી પલાણી, અને ઓરેન્તસ પર્વતની તળેટીમાં આથમણી દિશાએ ઝપાટાબંધ પંથ કાપવા માંડ્યો.

કુમળા પ્રભાતના આલ્હાદક વાતાવરણમાં વાસદાની છલંગો ભરતી ખરીઓના તાલ પર્વતની કંદરાઓમાં ગાજતા હતા. બાબિલોનિયામાં બોર્સિપ્પા નજદિકના સપ્તમંડળના પુરાણા મંદિરે પહોંચવા પંથ દોઢસો જોજનનો હતો. એટલે ઠરાવેલે સમયે પોતે ત્યાં પહોંચી જાય અને રાહ જોતા પેલા ત્રણ માગીમિત્રોને મળે એ માટે આર્તબાને વાસદાને વેગથી જ હાંકવી રહી. એ બહુ બહુ તો રોજના પંદર જોજન કાપી શકે. પણ એને વાસદાના વેગમાં વિશ્વાસ હતો. એ વહેલી સવારે પ્રયાણ કરતો અને મોડી રાત્રે વિસામો કરતો, અને એમ રોજની ધારેલી મજલ પૂરી કરતો. એમ પંથ કપાતો રહ્યો.

સેંકડો ઝરણાંથી ગૂંજી ઊઠતી ઓરોન્તસ પહાડની તળેટીને પસાર કરી જઈ હવે એ આગળ વધ્યો.

હવે નિસિયનની સમતલ ખીણ આવી. ત્યાંનાં અફાટ ગૌચરોમાં દેશવિદેશમાં પંકાયેલા ઘોડાનાં ટોળાં ચરી રહ્યાં હતાં. એ પછી તે કોંકાબારનાં પાકથી લચી પડેલાં સોનેરી ઝાંયવાળાં ખેતરોમાં થઈને

પસાર થયો. અહીં ખળીઓથી ઊડતી ધૂળની ડમરીઓથી વાતાવરણ કેવું ધૂંધળું બની જતું ! આ મુલકનાં ફીક્કાં પીળચટાં વાદળાંથી એસ્તાર્તેનાં ચારસો ચારસો સ્તંભવાળાં મંદિર કેવાં છવાઈ જતાં !

પહાડ પરથી વહી આવતાં ઝરણાંથી ફૂલ્યાફાલ્યા બગીચાઓ મધ્યે આવેલા બાધીસ્તાન પાસે થઈને આર્તબાન હવે પસાર થયો. રસ્તે ગગનચૂંબી શિખરોવાળા પહાડને જોતો જોતો તે આગળ વધ્યો. રસ્તે એણે દબાયેલા દુશ્મનોને ડારતા દારિયસ રાજાનો પાળિયો જોયો. એનાં યુદ્ધો અને વિજયોની યાદી સનાતન ખડકોમાં કંડારેલી પણ જોઈ.

નદીઓ અને નાળાં, પાધર અને પહાણા, ઊંડી ઊંડી ખીણો અને ગગનભેદી શિખરો વટાવતો તે આગળ ધસ્યે જતો હતો. અને ફળવૃક્ષોથી લચેલાં ખેતરોમાં થઈને કેરાઈનનાં ઓકવનો અને ઝગ્રોસના ખડકોની દીવાલબંધીવાળા કાળમીંઢ દરવાજામાં થઈને એ આગળ વધ્યો. એ પછી સાતસો–આઠસો વર્ષ પૂર્વે જ્યાં સમરૂનીઓને કેદમાં રાખવામાં આવેલા એ ચલાનગરમાં તે આવી પહોંચ્યો. વળી પાછો તે પીચ અને અંજીરનાં વનો અને જેમાં થઈને ગ્યાનદેસ નદી વહી રહી છે તે સાંકડા ઘાટમાં થઈને આગળ વધ્યો. વચ્ચે શરદના ઘાઢ ધુમ્મસથી ઢંકાયેલાં ડાંગરનાં વિશાળ ખેતરો પસાર કર્યાં. નદી કાંઠે આંબલીઓની ઘનઘોર છાયામાં નીચેની ટેકરીઓમાં ઊતરાણ કરીને તે આગળ વધ્યો. પાર્થિયનોના પુરાણા પાટનગર સ્તેસીફોનનેય પસાર કર્યું. સિકંદરે વસાવેલા સેલુકિયાના ભવ્ય રાજનગરને વટાવ્યું. તૈગ્રિસ નદી વટાવી, અને અનાજનાં ખેતરોમાં થઈ વહી આવ્યાને કારણે પીળાં દેખાતાં પાણીવાળી યુફ્રેતિસની અનેક શાખાઓ પસાર કરી. અને આખરે દશમા દિવસની સંધ્યાએ આર્તબાન, ગીચ વસતીવાળા બાબિલોનના જરીપુરાણા કિલ્લા પાસે આવી પહોંચ્યો.

પણ સપ્તમંડળના મંદિરે પહોંચવા એકાદ કલાકનો પંથ હજી કાપવાનો હતો. રાહ જોતા પેલા માગી–મિત્રોને મળવા મધરાત

વિતિ જાય તે પહેલાં ત્યાં જરૂર પહોંચી જવું જોઈએ. એટલે જો કે ઘોડી લોથ થઈ ગઈ હતી અને પોતેય તદ્દન થાકેલો છતાં ત્યાં થોભ્યો નહિ.

પેલી ફીકી પીળી મહાનદીની વચમાં ખજૂરવૃક્ષોની સ્મશાન જેવી શૂનકાર અને ઘાડી ઘટા મધ્યેથી પસાર થતાં વાસદા ભયભર્યાં ડગ ભરતી એકાએક અટકી ગઈ. સામે જ ખજૂરવૃક્ષ નીચે અંધારામાં કંઈક કાળું કાળું પડ્યું હતું.

આર્તબાન એકદમ વાસદા પરથી નીચે ઊતર્યો. તારાના આછા અજવાળામાં રસ્તામાં માણસ જેવું કંઈક પડેલું તેને જણાયું. ધારીને જોતાં દેખાયું કે એ કોઈ માંદગીમાં સપડાયેલું માનવી હતું. એના મેલાઘેલા વાળ, શ્યામ અને સુકલા વદન પરથી માલુમ પડયું કે એ કોઈ ગુલામગીરીમાં લઈ જવાયેલો યહૂદી હતો. સેંકડો વર્ષ પૂર્વે યહુદિયામાંથી કાઢીને બાબિલોનની ગુલામીમાં લઈ જવામાં આવેલા કેટલાયે યહૂદીઓ આજુબાજુના વિસ્તારમાં હજી વસતા હતા. એની નિસ્તેજ અને પીળી પડી ગયેલી ચામડી કાગળ જેવી સૂકી સૂકી હતી. એના શરીર પરથી દેખાયું કે ભેજવાળી એ ભૂમિમાં શિયાળાના દિવસોમાં કાયાને કાંતી નાખતો એવો જીવલેણ તાવ એને લાગુ પડયો હતો. લાકડા જેવા એના હાથ ઠંડા પડી ગયા હતા. આર્તબાને એનો પકડેલો હાથ છોડી દેતાં એ પાછો મુડદા જેવી છાતી પર પછડાયો.

આર્તબાનને અનુકંપા તો ઘણી આવી, પણ આશા જેવું કંઈ ન લાગવાથી તે આગળ વધવા ઊભો થયો. એની અંતિમક્રિયા તો કરવાની હોય જ નહિ! કારણ, માગીકુળના લોકો તો ખુલ્લી જમીન પર જ પોતાનાં શબ મૂકી દે છે જ્યાં કાગડા અને ગીધ તેમને કોચી ખાય છે, અથવા જંગલનાં પ્રાણીઓ ફાડી ખાય છે, અને અને આખરે ભોંય પર માત્ર સફેદ હાડકાંનું ખોખું પડયું રહે છે.

પણ આર્તબાન જેવો પાછો વળતો હતો તેવામાં જ પેલા યહૂદીના હોઠમાંથી લાંબો, મંદ અને ભયંકર ઉચ્છ્વાસ નીકળ્યો. એને તાણ આવી. અને એનાં ફિક્કાં, હાડકાંશાં આંગળાં આર્તબાનના ઝભ્ભામાં અટવાઈ ગયાં અને ભરાઈ ગયાં.

આર્તબાન અકળાઈ ઊઠયો,–ભયથી નહિ, પણ આવા વિલંબના કંટાળાભર્યા ત્રાસથી. એ વિચારી ઊઠયો, "અહીં અંધારે નિર્જન પ્રદેશમાં મરણમુખમાં પડેલા કોઈ અજાણ્યા આદમીને મદદ કરવા હું કેમ કરીને થોભી શકું? આ એક અજાણ્યા માનવભંગારને મારી દયા કે સેવા ઉપર શો હક હોઈ શકે? વળી વિલંબ મને પાલવે નહિ. જો એકાદ કલાકનો પણ વિલંબ થાય તો ઠરાવેલે સમયે હું બોર્સિપ્પા કેમ કરીને પહોંચી શકું? પછી તો મારા મિત્રો એમ જ માની લે કે મેં પ્રવાસ પડતો મૂકયો છે, અને તેઓ મારા વિના જ ચાલી નીકળે. આમ આખરે હું સંગાથ ખોઈ બેસું. ના, ના, એમ તો નહિ જ થવા દઉં.

"પણ જો હું ચાલ્યો જ જાઉં તો? તો આ આદમી અહીં એકલો જરૂર મરી જવાનો! જો હું થોભી જઈને એની સેવાશ્રૂષા કરું તો કદાચ એ જીવી પણ જાય!" સમયની કટોકટીના આ ટાણે આર્તબાનને મનમાં ખૂબ ખૂબ મુઝવણ થઈ. એનું હૃદય ધડક ધડક ધબકવા લાગ્યું.

"શું કરવું? મનુષ્ય પ્રેમના આવા આ એક જ કૃત્યને લીધે શું મારી જીવનસિદ્ધિ જતી કરવી?–પરમ શ્રદ્ધાના ફળની પ્રાપ્તિને જોખમી દેવી? મરવા પડેલા કંગાલ યહૂદીને ઠંડા પાણીનો પ્યાલો આપવા માટે જ, એકાદ પળનોય પણ વિલંબ વાજબી ગણાય ખરો?"

એણે પ્રાર્થના કરી, "ઓ પ્રભુ, તમે જ સત્ય છો, અને તમે જ પાવનકારી છો. તમે મને પવિત્ર પંથમાં, જ્ઞાનના રસ્તામાં દોરી લઈ જાવ, કારણ, તમે એકલા જ એ માર્ગ જાણો છો."

પછી આર્તબાન આજારી આદમી તરફ પાછો ફર્યો. એનાં આંગળાંની પકડ છોડાવીને એને ખજૂરવૃક્ષ પાસેની નાની કોરી ટેકરી ઉપર લઈ ગયો.

એણે યહૂદીના માથાનું બંધન છોડી નાખ્યું, અને એની ખોખું થઈ ગયેલી છાતી ઉપરનું વસ્ત્ર ખોલી નાખ્યું. નજદિકના નાના નાળા-





માંથી પાણી આણ્યું અને માંદા માણસના કપાળ તથા મોં ઉપર છાંટયું. માગીલોકો ખગોળવિદ્યા જાણનારાય ખરા અને વૈદ્ય પણ ખરા. તેઓ પોતાની સાથે ઔષધો અને ઓસડિયાં રાખતા હોય છે. આર્તબાને પોતાના કમરબંધમાંથી આવું એક અકસીર ઔષધ કાઢયું, અને હળવે હળવે યહૂદીના નિસ્તેજ મોંમાં રેડવા લાગ્યો. નિષ્ણાત વૈદ્યની જેમ કલાકો સુધી એણે એની સારવાર કરી. એટલે તે બેઠો થયો અને આર્તબાન તરફ ટગર ટગર જોવા લાગ્યો.

આ પ્રદેશની ગ્રામીણ બોલીમાં એ બોલ્યો, "તમે કોણ છો? અને તમે મને જીવતદાન કેમ દીધું?"

આર્તબાને કહ્યું, "હું એકબાતાના નગરનો માગી છું. મારું નામ આર્તબાન છે. યહૂદીઓનો જે રાજા અને માનવોનો જે મુક્તિદાતા જન્મવાનો છે તેની શોધમાં હું યરૂશાલેમ જઈ રહ્યો છું. મારાથી અહીં જરાયે વધારે થોભાય તેમ નથી, કારણ કે, મારી વાટ જોતા મારા સંગાથીઓ મને મૂકીને ચાલ્યા જાય. પણ જો, આ રોટલી તથા દ્રાક્ષારસ તારી પાસે મૂકતો જાઉં છું, તેમ જ આ દવા પણ મૂકું છું. તને શક્તિ આવે ત્યારે બાબિલોનમાં યહૂદીઓનાં ઘર શોધી કાઢીને ત્યાં જજે."

પેલા યહૂદીએ અશક્ત હાથ આકાશગમ ઊંચો કર્યો અને કંપતા અવાજે દુવા દીધી, "અબ્રાહમનો, અને ઇસહાકનો, અને યાકોબનો ઈશ્વર તમારા પર કૃપા કરો, અને તમ દયાળુની યાત્રા સુખરૂપ તથા સફળ કરો, અને તમારા નિર્ધારિત સ્થળે તમને વિનાવિઘ્ને પહોંચાડો....પણ ઊભા રહો. એક વાત! બદલામાં તમને આપવાનું તો મારી પાસે કંઈ જ નથી. પણ એક વાત કહું. યહૂદીઓના રાજા બનનાર એ મસીહને ક્યાં શોધવા એ તમને બતાવું. કેમ કે અમારા પયગંબરોએ ભવિષ્યવચન કહ્યું છે તે પ્રમાણે એ યરૂશાલેમમાં તો નહિ, પણ યહુદિયા પ્રાંતના બેથલેહેમમાં જન્મ લેશે. ઈશ્વર તમને સહિસલામત પહોંચાડો. તમે માંદાની માવજત કરી છે, અને દરિદ્રી પર દયા રાખી છે."

મધ્યરાત્રી તો ક્યારનીયે વીતી ગઈ હતી. આર્તબાને હવે વાસદાને ઝડપથી દોડાવી. છતાંયે નક્કી કરેલા સ્થળે પહોંચતાં પ્રભાત ઊગી ચૂકી. આર્તબાને આશાભર્યા હૈયે નિમ્રોદના ડુંગરા ઉપર ઊંચે જોયું. ત્યાં સપ્તમંડળનું પુરાણું મંદિર તો દેખાયું, પણ એના સંગાથીઓ હજી ત્યાં હોવાનાં કોઈ એંધાણ માલુમ પડયાં નહિ.

આર્તબાન ઉતાવળે ઉતાવળે એ ડુંગરા પર ચઢીને ચારે બાજુ ઘૂમી વળ્યો. પછી વાસદા ઉપરથી ઊતર્યો, અને મંદિરની સૌથી ઊંચી અગાશી પર ચઢીને પશ્ચિમ ભણી નજર પહોંચે ત્યાં સુધી નિહાળવા લાગ્યો. પણ માગીમિત્રોની કોઈ પણ નિશાની દૂર કે પાસે નજરે ન પડી.

અગાશીના એક ખૂણે એણે ઈંટોના કકડાની નાની ઢગલી જોઈ. એ ઢગલી નીચેથી એને એક ચિઠ્ઠી મળી આવી. એમાં લખ્યું હતું, "મધરાત વીતી ગયા પછીયે થોડીવાર સુધી અમે તારી વાટ જોઈ. પણ હવે વિલંબ કરી શકતા નથી. હવે અમે રાજાની શોધમાં પ્રવાસ શરૂ કરીએ છીએ. રણપ્રદેશ ઓળંગીને અમારી પાછળ આવી પહોંચજે. કુશળતા."

આર્તબાન તો ચિઠ્ઠી વાંચીને ભોંય પર ફસકાઈ પડયો, અને છેક હતાશ બની ગયો.

એ વિચારવા લાગ્યો, "રણપ્રદેશ કેમ કરીને પાર કરી શકાય? મારે માટે અને થાકેલી વાસદા માટે કંઈ જ ખોરાક રહ્યો નથી. હવે તો બાબિલોન પાછું જવું પડશે, અને નીલમણિ મૂલવીને આગળના પ્રવાસ માટે ઊંટ અને ખોરાકની સામગ્રી ખરીદવી પડશે. મિત્રોને પકડી પાડી શકાશે કે નહિ એય શંકાભર્યું છે. પણ રાજાનાં દર્શન હું પામીશ કે નહિ એ તો એકમાત્ર પરમ કૃપાળુ પરમેશ્વરના હાથમાં રહ્યું, કારણ, મેં તો દયાને કારણે જ વિલંબ કર્યો છે."

### બાળકના બચાવમાં

ચોથા માગીની કથા મેં સાંભળી તે સ્વપ્નમંદિરમાં અત્યારે બધું

સાવ શૂનકારભર્યું હતું. આ નીરવતામાં એ માગીનું ઝાંખું ઝાંખું સ્વરૂપ જતું મેં જોયું. એ પોતાના ઊંટ પર બેસીને, સાગરનાં મોજાં પર વહાણ ચાલે તેમ, રણનાં તપી ઊઠેલાં મોજાં પર જતો હતો.

એ ખડકાળ અને રેતાળ મરુભૂમિમાં કોઈ ફળવૃક્ષ નહોતાં. માત્ર કાંટા, કાંકરા અને ઝાંખરાં જ થતાં. કોઈ કાળે મરી ગયેલા રાક્ષસોનાં હાડકાં જેમ, ખડકોનાં કાળાં માથાં અહીંતહીં સપાટી પર ઉપસી આવ્યાં હતાં. ઉજ્જડ અને ડરામણા ડુંગરાની હારમાળા સામે જ ખડી હતી. જ્યાં ને ત્યાં રેતીના ઢગ જામ્યા હતા. દિવસે ભૂંજી નાખતો તાપ અને રાતે ચેતનાને ઠારી દેતી ભયંકર ઠંડી! પણ ઠંડી હો કે ગરમી, પેલો માગી તો આગળ અને આગળ ધસ્યે જ જતો હતો.

વળી મેં જોયું તો આબાના અને ફાર્પાર નદીઓથી લીલાછમ દમસ્કનાં ઉપવનો અને દ્રાક્ષાવાડીઓ, હીરાબોળ અને ગુલાબનાં વન મધ્યે થઈને એ પસાર થતો હતો. પછી હેર્મોન પર્વતની લાંબી હિમાચ્છાદિત હારમાળા, ગંધતરુની વિશાળ લીલી ઘટાઓ, યર્દનની સર્પાકાર ખીણ, અને ગાલીલ સરોવરના નીલજળા કંઠારપ્રદેશ પાસે થઈને જતો પણ મેં એને જોયો. હવે એ વટાવતો હતો એઝદ્રાએલોનની પાકથી લચેલી ખીણ, એફ્રાઈમની ટેકરીઓ, અને યહુદિયાનો પહાડી પ્રદેશ.

અને આખરે આર્તબાન બેથલેહેમ આવી પહોંચ્યો. એને તપાસ કરતાં માલુમ થયું કે પેલા ત્રણ માગીમિત્રો બેથલેહેમમાં આવેલા, અને મરિયમ તથા યોસેફને શોધી કાઢીને બાળ ઈસુનાં દર્શન પણ કરેલાં, અને એના ચરણોમાં કંચન, બોળ અને લોબાનની ભેટ ચઢાવેલી. એ બનાવને આજે તો બે દિવસ થઈ ગયા હતા.

આર્તબાન થાકેલો હતો પણ એના અંતરમાં આશા જન્મી હતી. બાળઈસુના ચરણોમાં એ સૂર્યમણિ અને મોતીની પોતાની ભેટ ધરવા નીકળ્યો. એ મનમાં વિચારવા લાગ્યો, “એકલો અને મારા મિત્રો

કરતાં મોડો છતાં મોડોમોડોય હું બાળરાજાનાં દર્શન જરૂરથી પામવાનો. ખજૂરવનમાં મરવા પડેલા પેલા યહૂદી ગુલામના કહેવા પ્રમાણે પયગંબરોએ અગમ ભાખેલું સ્થળ એ આ જ બેથલેહેમ છે, અને અહીં જ એ પરમપ્રકાશના અરુણોદયનાં હું દર્શન પામીશ. પણ મારા મિત્રો આવીને ક્યાં ગયા, અને તારો એમને કયા ઘેર દોરી ગયો, અને એમણે કોના ચરણે ભેટ ચઢાવી, એ બધા વિષે મારે ભાળ કાઢવી જોઈએ."

આર્તબાન બેથલેહેમ ગામમાં ઘૂમવા લાગ્યો. એની શેરીઓ અને ચકલાં ઉજ્જડ થઈ ગયેલાં લાગતાં હતાં. મોટા ભાગના લોકો પોતાનાં ઘેટાં લઈને ચારણ ટેકરીઓ પર ચાલ્યા ગયા હતા. આથી આર્તબાનને નવાઈ ઉપજી. પથ્થરની દીવાલોવાળા એક નીચા ઘરનું બારણું ખુલ્લું હતું. અને અંદરથી કોઈ યુવતીના મંજુલ કંઠનો ધીરો સૂર સંભળાતો હતો. આર્તબાન અંદર ગયો તો એક યુવાન માતા પોતાના કુમળા બાળકને ખોળામાં સુવાડીને હળવી હલકે હાલરડું ગાઈ રહી હતી.

પૂછપરછ કરતાં એ યુવામાતાએ એને કેટલીયે માહિતી આપી. ત્રણ દિવસ પર પૂર્વ તરફના દેશોમાંથી કોઈ પરદેશીઓ બેથલેહેમમાં આવ્યા હતા. વળી તેઓને એક તારો ગામને છેવાડે આવેલી ગભાણે દોરી લાવ્યો હતો એમ એ પરદેશીઓને કહેતા લોકોએ સાંભળ્યા હતા. એ ગભાણમાં નાઝરેથ નગરનો યોસેફ એની પત્ની સાથે ઊતર્યો હતો, અને ત્યાં જ એમને ત્યાં એક બાળક જન્મ્યો હતો. પેલા પરદેશીઓએ ત્યાં જઈને એ બાળકની આરાધના કરી હતી, અને એને કિંમતી ભેટો પણ ચઢાવી હતી. યુવતીએ આ બધી વાત આર્તબાનને સવિસ્તર સંભળાવી.

પાછળથી જરા ધીમા સ્વરે એ બહેને ઉમેર્યું, "પણ એ મુસાફરો જેવા ઓચિંતા આવ્યા હતા એમ જ એકાએક ચાલ્યા પણ ગયા. એમના આવા વિચિત્ર આગમનથી અમને બધાંને તો ડર પેસી

ગયો છે. અમને એ વિષે કંઈ જ સમજણ પડી નહિ. નાઝરેથવાળો અજાણ્યો આદમી પણ પોતાની યુવાન પત્ની અને બાળકને લઈને રાતોરાત છાનોમાનો પલાયન થઈ ગયો. લોકોમાં ગૂસપૂસ વાતો ચાલે છે કે તેઓ બધાં મિસર ભણી છૂ થઈ ગયાં છે. ત્યારનું આખું ગામ જાતજાતની શંકા–કુશંકા સેવી રહ્યું છે કે નક્કી કંઈક અશુભ થવાનું. વાત તો એવીય થાય છે કે અમારી પાસેથી નવો કર ઉઘરાવવા યરૂશાલેમથી રોમન સિપાઈઓ આવી રહ્યા છે. એટલે જ ગામના લોકો પોતાનાં ટોળાંને ટેકરીઓ ઉપર આઘે આઘે હાંકી ગયા છે, અને પોતે પણ ત્યાં સંતાઈ રહ્યા છે. કોણ જાણે શું થવાનું છે!”

આર્તબાન એની મધુર પણ ભયભરી વાત સાંભળી રહ્યો. એ સ્ત્રીના ખોળામાં સૂતેલું બાળક આર્તબાનની સામે જોઈને મુખ મલકાવતું હતું. આર્તબાનની છાતી ઉપર એક સુવર્ણચક્ર લટકતું હતું. માગીલોકોને ગળે લટકાવેલું હોય છે તેવું. બાળકે પોતાનો કુમળો હાથ લંબાવીને એ પકડી લીધું, અને ખેંચવા લાગ્યું. બાળકના મૃદુ સ્પર્શથી આર્તબાનના હૈયે હૂંફનો હેલો ચઢ્યો.

બાળકના કોમળ મુખારવિંદ પર હાથ ફેરવતાં ફેરવતાં એના મનમાં થયું, કદાચ “આ બાળક જ આવનાર રાજા તો ન હોય? અગાઉ ઘણાયે રાજાઓ આથીયે ગરીબ એવાં ઘરોમાં જન્મ્યા હતા! અને જેની એંધાણી તારો હોય એવા તો ઝૂંપડીમાંય જન્મે. પણ મારી શોધનું ફળ આટલું વહેલું અને આટલી સરળતાથી આવે એવું બને ખરું? ના, ના, સર્વજ્ઞ ઈશ્વરની એવી ઇચ્છા લાગતી નથી. જેને હું ઝંખું છું એ બાળરાજા તો આ ભૂમિની બહાર ચાલ્યો ગયો છે, અને મારે હવે એની પાછળ પાછળ મિસર જવું જ રહ્યું.”

એ સ્ત્રીએ બાળકને ઝૂલામાં સુવાડ્યો, અને પોતાને ત્યાં પધારેલા પરોણાની મહેમાનગીરી કરવામાં રોકાઈ. તેણે ઝટપટ રસોઈ બનાવીને મહેમાનને ભાણું પીરસ્યું. ગરીબ ઘરની રસોઈ સાદી હતી,

પણ પ્રેમથી પીરસેલો રોટલોય મીઠો જ લાગે ! આર્તબાન આભાર સાથે જમ્યો. બાળક તો ઊંઘી ગયો હતો, અને ઘરમાં બધું શાંત હતું.

એવામાં એકાએક ગામની ગલીઓમાંથી ભારે ઘોંઘાટ અને ગભરાટની બૂમાબૂમ સંભળાઈ. સ્ત્રીઓની રોકકળ અને ચીસાચીસનું ભારે બૂમરાણ મચ્યું લાગતું હતું. બારણાં ઉઘાડ-વાસ થવાના ખખડાટ-ભભડાટ અને તલવારોના ખણખણાટે વાતાવરણ ભેંકાર બની ગયું હતું. બૂમો સંભળાતી હતી, "સિપાઈઓ ! દુષ્ટ હેરોદના સિપાઈઓ ! હાય રે, અમારાં બાળકોને મારી નાખે છે ! કોઈ બચાવો, બચાવો."

ભયથી પેલી યુવાન માતા કંપી ઊઠી. પોતાના વહાલા બાળકને છાતીએ ચાંપીને ઘરમાં છેક અંધારિયા ખૂણામાં લપાઈ ગઈ. બાળક જાગી ન જાય અને રડે નહિ માટે તેને પોતાનાં વસ્ત્રમાં સંતાડી દીધું !

આર્તબાન એકદમ ઊભો થઈ ગયો, અને જઈને ઘરના બારણા વચ્ચે ખડો રહ્યો. એની વિશાળ કાયાથી બારણું ભરાઈ ગયું અને એનો ઊંચો શિરબંધ બારશાખે અડ્યો.

લોહીથી તરબોળ હાથે અને ટપકતી તલવારે સિપાઈઓ ગામની ગલીઓમાં કુમળાં બાળકોની કત્લેઆમ કરતા આ ઘરે પણ આવી પહોંચ્યા. દમામભર્યા પોષાકવાળા પરદેશીને જોઈને તેઓ ડઘાઈ ગયા અને જરાક ખચકાયા. જમાદાર આર્તબાનને ખસેડવા બારણા આગળ આવ્યો, પણ આર્તબાન ખસ્યો નહિ. એના મોં પર પરમ શાંતિ હતી, જાણે તારાને નિહાળતો ન હોય ! એની આંખોમાંથી નીકળતાં તેજકિરણો ભલભલાં હિંસક પ્રાણીઓને પણ ડારી નાખે. આર્તબાન જમાદારનો હાથ પકડીને બોલ્યો, " અહીં હું એકલો જ રહું છું અને મારી શાંતિનો ભંગ ન કરનાર જમાદારને આ રત્ન આપવા ઊભો છું."

જાણે મોટું રક્તબિંદુ ન હોય !–એવો સૂર્યમણિ હાથમાં લઈને એણે જમાદારને બતાવ્યો. ઝળાંઝળાં થતા રત્નને જોઈને જમાદારની તો આંખો જ ફાટી ગઈ! એ લલચાયો અને હાથ લંબા-





વીને એણે સૂર્યમણિ લઈ લીધો. પછી પોતાના સૈનિકોને હુકમ કર્યો, “ આગળ વધો. અહીં કોઈ બાળક નથી. ઘર ખાલી છે.”

આર્તબાન ઘરમાં પાછો ફર્યો. એણે પૂર્વગમ મોં ફેરવીને પ્રાર્થના કરી, “ હે સતના બેલી, પ્રભુ પરમેશ્વર, મને મારા અપરાધની ક્ષમા બક્ષો. કુમળા બાળકનો પ્રાણ બચાવવા સાચું નહિ એ હું બોલ્યો. અને મારી બે ભેટો તો ક્યારનીયે અપાઈ ગઈ છે. પ્રભુને ધરવાની ભેટો માણસને માટે મેં વાપરી નાખી છે. પ્રભુનાં દર્શન હવે હું કેમ કરીને પામી શકીશ ? ”

એની પાછળ ઊભેલી યુવાન માતાની આંખોમાં હર્ષનાં આંસુ ચમકી રહ્યાં હતાં. તે ધીરા સ્વરે બોલી, “ તમે મારા કુમળા બાળકનો જાન બચાવ્યો છે. ઈશ્વર તમને ક્ષેમકુશળ રાખો, અને તમારું રક્ષણ કરો. ઈશ્વર પોતાના પ્રસન્ન વદનનાં દર્શન તમને દો, અને તમારી ઉપર કૃપા કરો. ઈશ્વર તમારી આગળ પ્રગટ થાઓ અને તમને શાંતિ બક્ષો.”

### કષ્ટના કપરા માર્ગે

મેં જોયું તો સ્વપ્નમંદિરમાં આ વખતે અગાઉ કરતાંયે અધિક ઘોર અને અકળ શૂનકાર છવાયો હતો. વળી એ પણ હું જોઈ શક્યો કે આ અસ્ખલિત પ્રગાઢ શૂનકારમાં આર્તબાનના આયુનાં વર્ષો અતિ વેગે વહી રહ્યાં હતાં, અને અકળ અંધારમાં અટવાયેલો એનો જીવન-પ્રવાહ અહીંતહીં ક્વચિત ક્વચિત જ નજરે પડતો.

કોઈ કોઈ વાર એને ભરચક વસતીવાળા મિસરદેશના જન-સમૂહોમાં ચાલતો હું જોતો. બેથલેહેમથી મિસરમાં આવેલા પેલા કુટુંબના સગડ શોધતો એ ઠેકાણે ઠેકાણે ફરતો હતો. હિલિયાપોલિસના વિશાળ વડવૃક્ષ નીચે અને નીલ નદીવાળા નવા બાબિલોનના કિલ્લા પાસે એના કંઈક સગડ એને મળ્યાય ખરા. પણ એ કુટુંબ આગળ, આગળ, અને ઘણે આગળ નીકળી ગયેલું જ એ સાંભળતો.

એ પાછો સ્પીન્કસ અને પિરામીડોની પીળચટી રેતીમાં ફરતો, વળી પાછો એ પ્રાચીન દેશનાં પુરાણાં નગરો અને પુરાણાં મંદિરોએ ઘૂમતો જોવા મળતો.

એક વાર મેં એને એલેકઝાન્ડ્રિયાના એક એકાંત ઓરડામાં કોઈ યહૂદી રાબ્બી (ધર્મગુરુ)ની સલાહ લેતો જોયો. એ વૃદ્ધ રાબ્બી, પયગંબરોએ ભાખેલાં ભવિષ્યોના વીંટા ઉપર ઝળંબીને વાંચતો હતો. મસીહ ચોક્કસ આવશે, એ અનેક યાતનાઓ વેઠશે, માણસો એની ઠઠ્ઠામશ્કરી કરશે અને તિરસ્કારશે, એ પારાવાર શોક અને સંતાપમાંથી પસાર થશે,—એ બધા વિષેનાં કથનો ગદ્‌ગદ્‌ કંઠે તે વાંચતો હતો.

અતિ વૃદ્ધાવસ્થાને લઈને એની ઊંડી ઊતરી ગયેલી આંખો આર્તબાન પર ઠેરવીને એ ક્યાંય સુધી તાકી રહ્યો, પછી બોલ્યો, "અને ભૂલી ના જતો, મારા દીકરા, તું શોધે છે એ રાજા કંઈ રાજમહેલમાં, કે કુબેરભંડારીઓને ત્યાં, કે પછી સત્તાધીશોને ત્યાં તને મળવાનો નથી. જગતનો એ પ્રકાશપૂંજ અને ઇઝરાયલનો એ મહિમા જો દુન્યવી દમામમાં આવવાનો હોત, તો ક્યારનોયે આવી ગયો હોત. કારણ કે મિસરના મહેલોમાં યોસેફે જે સત્તા અને વૈભવ ભોગવ્યાં હતાં અથવા તખ્તે-યરૂશાલેમ પર જે દબદબા અને મહિમામાં મહાજ્ઞાન-ભંડારી શલોમોન વિરાજતો હતો, તેની તોલે તો અબ્રાહમનો કોઈ પુત્ર હવે કદીયે આવી શકવાનો નથી.

"પણ જગત જે પ્રકાશપૂંજને ઝંખી રહ્યું છે, અને પયગંબરોએ જેના વિષે અગમો ભાખ્યાં છે, એ તો અલૌકિક પ્રકાશ છે. દુઃખો અને નીજ-બલિદાનને માર્ગે જ એ શાશ્વત રાજ સ્થાપશે. આ રાજ ખેંચાખેંચી, કાપાકાપી અને હરીફાઈનું નહિ, પણ સર્વાંગ સંપૂર્ણ અને પરમ પ્રેમના પ્રભાવનું રાજ હશે. આવનાર મસીહ દુઃખો દ્વારા એ રાજ સ્થાપશે. એ પોતે દુઃખી પુરૂષ અને દર્દનો અનુભવી હશે.

"આ બધું કેવી રીતે બનશે, અને પૃથ્વીના લડાયક લોકો, રાજાઓ અને પ્રજાઓ કેમ કરીને નાના ઘેટડાના જેવા શાંત અને નમ્ર બની જશે એ તો ખબર નથી. પણ હું એક વાત જાણું છું, જે કોઈ

એને શોધે છે તેણે એને નિર્ધનો અને નમ્રજનોમાં, હા, કષ્ટાતાં અને કચડાયેલાંમાં શોધવો. તોજ એ એને પામવાનો.”

આમ મેં એ ચોથા માગીરાજને વારંવાર આમથી તેમ પ્રવાસ ખેડતો જોયો. રખે ને બેથલેહેમના પેલા કુટુંબે એમને ત્યાં આશ્રય લીધો હોય એમ ધારીને એ નિર્વાસિતોની છાવણીઓમાં પડાવ નાખતો; દુકાળના ઓળા જ્યાં ઊતરી ચૂક્યા હોય અને છોકરાં કોળિયા ધાન માટે ટળવળતાં મરણમુખમાં ધકેલાતાં હોય ત્યાં એ પંડનું ખચીને પણ સેવા કરવા થંભી જતો, કદાચ ત્યાં એને ગરીબોનો બેલી બાળ ઈસુ મળી જાય! મરકી, માંદગી અને મોતનાં નગરોમાં સડતાં નિરાધારો સાથે તે રહ્યો. કાળાં કેદખાનાંમાં, ગાંડા જગતનાં ગુમડા જેવાં ગુલામ બજારોમાં, દમનની ચક્કીઓમાં દલિતો દિનરાત દળાઈ રહ્યા છે ત્યાં, અને એ ક્યાં ક્યાં નહિ ફર્યો? ક્યાં ક્યાં એણે નહિ શોધ્યું?

આમાં એને ચરણ ચૂમવા અને પૂજવા જેવું તો કોઈ મળ્યું નહિ, પણ સારવાર, સેવા અને મદદ કરવા જેવા અનેક મળ્યા. ભૂખ્યાને એણે ભોજન આપ્યું, નાગાંને એણે પહેરાવ્યું, માંદાંની એણે માવજત કરી, કેદીઓની ખબર કાઢી. અને એમ એના આવરદાનાં વર્ષો વેગે વહેતાં રહ્યાં. શોધમાં અને શોધમાં એની જિંદગીનાં તેત્રીસ વર્ષ વહી ગયાં. એની જુવાની શોધમાં જ રગદોળાઈ ગઈ. અને હવે તો, આગ્રોસ પર્વત કરતાંયે કાળા એના વાળ, એજ પર્વત પર જાણે શિયાળુ હિમ ના છવાયું હોય એવા શ્વેત બની ગયા હતા. તેજધારાની જેમ ચમકતી એની આંખો હવે ઓલવાતા અંગારા જેમ નિસ્તેજ બની ગઈ હતી. હવે તો જાણે એણે એની શોધ પડતી મૂકી હોય એમ જ દેખાતું હતું.

પણ વળી ફરી એકવાર એ યરૂશાલેમના રસ્તાઓ ઉપર દેખાયો. આજે મેં એકલા એને વહેલી સવારે જેલખાનાના તોતિંગ દરવાજે રાહ જોતો જોયો હતો. યહૂદીઓના ધર્મનગર યરૂશાલેમમાં પાસ્ખાના પર્વની તૈયારીઓ થઈ ચૂકી હતી. આજે જ પાસ્ખા હતું. દેશ-દેશાવરથી

વિખેરાઈ ગયેલા યહૂદીઓ યરૂશાલેમના મંદિરે પર્વ ઉજવવા થોકબંધ આવ્યા હતા. ભાવિક યાત્રાળુઓના સમૂહોથી યરૂશાલેમ કેટલાય દિવસથી કીડિયારાની માફક ઊભરાતું હતું.

પણ આજે લોકોની વાતનો વિષય કંઈક જુદા જ પ્રકારનો હતો. તેમના આવેગભર્યા કોલાહલમાં અશુભનાં એંધાણ વર્તાતાં હતાં. અને આકાશેય જાણે અશુભ અંધકારથી ગોરંભાતું ન હોય! એમ જ લાગતું હતું કે આખુંય યરૂશાલેમ ઊમટીને દમસ્ક દરવાજા બહાર ન ભાગતું હોય!

દેશોદેશથી આવેલા યહૂદીઓમાં પાર્થિયાથી પણ યહૂદીઓ આવ્યા હતા. આર્તબાન પણ પોતાના વતનના એ યહૂદીઓના ટોળામાં સામેલ થઈ ગયો, અને આ બધી ધમાલ અને ઘોંઘાટનું કારણ પૂછવા લાગ્યો.

આ લોકોએ પાર્થિયન જબાનમાં જણાવ્યું, "આજે કોટની બહાર ગલગથા નામે ટેકરી ઉપર એક જણાને ક્રૂસે જડાવવાનો છે, ત્યાં જઈએ છીએ. પૂરી વિગત તો અમે જાણતા નથી, પણ જાણવા મળ્યું છે કે બે નામચીન બહારવટિયાને ક્રૂસે લટકાવવાના છે. અને સાથે નાઝરેથી ઈસુ નામના એક જણને પણ લટકાવવાનો છે. કહેવાય છે કે એણે લોકોમાં ઘણા બધા ચમત્કારો કર્યા છે, એટલે એ લોક-લાડીલો બન્યો છે. એથી આપણા પુરોહિતો અને વડીલો ખૂબ ખીજાયા છે. તેઓનું તો કહેવું છે કે, એને મૃત્યુદંડ દેવો જોઈએ. કારણ, 'હું ઈશ્વરપુત્ર છું', એવું એણે જાહેર કર્યું છે. વળી પિલાતે પણ એને ક્રૂસે ચઢાવવાનું હુકમનામું ફરમાવ્યું છે, કારણ કે 'યહૂદીઓના રાજા છું' એમ એણે કહ્યું હતું."

'યહૂદીઓનો રાજા'! એ અતિ પરિચિત શબ્દો આર્તબાનના હૃદય પર પર કેવા અણધાર્યા અફળાયા! એ જ શબ્દોએ તો એને દેશપરદેશ રખડાવ્યો હતો. પણ આજે એ જ શબ્દો આ કેવા રૂપમાં આવ્યા? નિરાશાના પેગંબર પેઠે એમણે આ કેવાં કારમાં કહેણ





કહ્યાં ! રાજા આવ્યો તો ખરો, પણ લોકોએ એને તુચ્છકાર્યો અને તજ્યો. આજે એ ક્રૂસે લટકાઈ જવાનો છે. કદાચ અત્યારે એના પ્રાણ પણ છૂટી ગયા હોય! તેત્રીસ વર્ષ ઉપર બેથલેહેમમાં જે જન્મ્યો હતો, અને જેના જન્મ ટાણે પેલા આકાશી તારાનાં દર્શન થયાં હતાં, અને જેના આગમન વિષે ખુદ પયગંબરોએ ભવિષ્ય ભાખ્યાં હતાં, તે આજ રાજા હશે?

ઘડપણમાં માણસનું મન લાગણીઓ અને શંકાઓથી ઉભરાય છે. આવી જ આવી આવીને ઊભરાતી લાગણીઓ અને પકડી ના શકાય એવી શંકાઓએ જગવેલા ભયથી આર્તબાનનું હૈયું ધડકવા લાગ્યું. પણ એના મને સમાધાનનો માર્ગ અપનાવ્યો. એણે વિચાર્યું, "માણસોના વિચારો કરતાં ઈશ્વરના વિચારો અને ઈશ્વરના માર્ગો નિરાળા જ હોય છે. અને કદાચ એવુંય બને કે હું સમયસર ત્યાં પહોંચી જાઉં અને રાજાને એના દુશ્મનોની પકડમાં જોઉં, અને તેઓ એને ક્રૂસે લટકાવી દે તે પહેલાં મારું મોતી આપીને એને છોડાવી લઉં."

એમ વિચારીને વૃદ્ધ આર્તબાન પણ પોતાના વતનીઓની સાથે શહેરના દમસ્ક દરવાજા ભણી ચાલવા લાગ્યો. એના દિલમાં દર્દ હતું, અને પગલાં ધીમાં પડતાં હતાં. ચોકિયાતી દરવાજો ઓળંગ્યો એવામાં જ મેસિડોનિયન સિપાઈઓની એક ટુકટી ફાટેલાં વસ્ત્ર અને વીખરાયેલા વાળવાળી જુવાન છોકરીને ઘસડીને લાવતી દેખાઈ. આર્તબાન માગીનું હૈયું દયાથી દ્રવી ઊઠ્યું. એ જોવા ઊભો એટલામાં તો પેલી છોકરી સિપાઈઓના કબજામાંથી છટકીને એની પાસે દોડી આવી, અને એના પગોમાં પડીને બાઝી પડી. છોકરીએ આર્તબાનનો ધવલ શિરબંધ અને છાતી ઉપર લટકતું માગીલોકોના જેવું સુવર્ણ-ચક્ર પારખી લીધું હતું.

એ કરગરવા લાગી, "પરમ કૃપાળુ પરમેશ્વરને ખાતર મારા પર દયા લાવો અને મને બચાવી લો. માગીધર્મપિતાએ શીખવેલા

સાચા માર્ગની હું પણ પુત્રી છું. મારા બાપુજી પાર્થિયા દેશના વેપારી હતા. બાપુજી તો મરી ગયા, પણ એમનું ચઢેલું દેવું ચૂકવવા આ લોકોએ મને પકડી છે, અને ગુલામોના બજારમાં મારો સોદો કરવા મને ઘસડી લઈ જાય છે. મૃત્યુથીયે બદતર આ દશામાંથી મને ઉગારી લો. તમારે પગે પડું છું."

આર્તબાન ધ્રૂજી ઊઠ્યો. બાબિલોનનાં ખજૂરવૃક્ષોની ઘટામાં અને બેથલેહેમના પેલા બાળકના ઘરમાં એને આવી પડેલા હૃદયમંથન જેવું જ હૃદયમંથન અત્યારે પણ આવી પડ્યું. એના મનની મૂંઝવણે એને બેબાકળો બનાવી મૂક્યો. ઊંડી ધર્મશ્રદ્ધામાંની કરેલા અફર નિર્ધારને અવિચલ વળગી રહેવું કે માનવપ્રેમના પ્રવાહમાં તણાતા રહેવું? શું કરવું? કયું બહેતર છે? રાજાને ભેટ ધરવા રાખેલાં બે રત્નો તો માનવસેવામાં ખર્ચાઈ ગયાં હતાં, અને આ છેલ્લામાં છેલ્લું ત્રીજુંય જશે કે શું? પ્રકાશ અને અંધકારના જંગમાં આ તે અંધકારનું અસ્ત્ર હશે, કે પછી પ્રેમપ્રકાશની પ્રેમળ જ્યોત હશે? એ કશું સમજી શક્યો નહિ.

છતાંયે એના અસ્પષ્ટ ધૂંધળા મનમાં એક વાત સ્પષ્ટ હતી કે એક વાત અનિવાર્ય છે. અને એમ અનિવાર્ય લાગતો માર્ગ પરમ કૃપાળુ પરમેશ્વર જ નહિ સુઝાડતો હોય શું? મનની મૂંઝવણ પારાવાર છતાં એક વાત એના દિલમાં નક્કી હતી—આ નિરાધાર બાળાનું રક્ષણ કરવું એ સાચું સ્નેહકાર્ય છે. અને સ્નેહકાર્ય એ જ આત્માનું અજવાળું નથી શું?

એણે અંદરના બદનમાંથી મોતી કાઢ્યું. આજે એનો ઝળહળાટ વધી ગયો લાગતો હતો. એણે એ મોતી ગુલામ છોકરીના હાથમાં મૂકી દીધું, અને બોલ્યો, "દીકરી, લે આ તારું મુક્તિ-મૂલ્ય. રાજાને ભેટ ધરવા સંઘરેલું આ મારું છેલ્લું રત્ન. લે."

એ હજી બોલતો હતો એવામાં જ આકાશ વાદળાંથી અંધરાઈ

ગયું. પૃથ્વીના પથ્થરોમાંથી ગર્જનાઓ ઊઠવા માંડી, અને મનબોજથી મુઝાતા માનવીની છાતી પેઠે ધરતી ધ્રૂજવા લાગી.

ડુંગરા ડોલવા લાગ્યા, પથરા ઊડી ઊડીને પોળોમાં ફેંકાવા લાગ્યા. અને દીવાલો ડગમગી ઊઠી. ધૂળે આકાશ અંધરાઈ ગયું. સિપાઈઓ પણ અટવાતા–ઠોકરાતા નાઠા. એકલા અને અટૂલા એવા આર્તબાને અને મુક્ત થયેલી છોકરીએ પ્રેતોરિયમની દીવાલ ઓથે આશરો લીધો.

આર્તબાનને હવે ડરવાનું હતુંય શું? એણે હવે જીવવાનુંય શાને શાટે? રાજાને ચરણે ધરવાની ભેટનો રહ્યોસહ્યો છેલ્લો હિસ્સો પણ એણે દાનમાં દઈ દીધો હતો. રાજાને શોધવાની રહીસહી આશા પણ એણે છોડી દીધી હતી. શોધનો અંત આવી ગયો હતો, અને પરિણામ શૂન્ય આવ્યું હતું.

આ વિફળતાનો વિચાર સ્વીકારવામાંયે શાંતિ સમાયેલી હતી. એના હૈયાની ભીતરમાં પ્રસરેલી આ શાંતિ કાંઈ નિરાશામાંથી નીપજેલો શૂન્યાવકાશ નહોતો. એમાં હારેલાનું ઠાલું ઠાલું સમર્પણ નહોતું, એમાં માત્ર હતાશ હૈયાની શરણાગતિ નહોતી. એ બધાથી ઊંડું અને ગહન એવું કંઈક એમાં સમાયેલું હતું. એમાં અણધારી એવી કોઈ બીજી જ ફળપ્રાપ્તિનો ગુપ્ત સંતોષ હતો. એણે મનથી સ્વીકાર્યું, "સૌ સારું જ થયું, કારણ કે મારાથી બન્યું એટલું મેં ભલું કર્યું છે. ભલે ને રાજાનાં દર્શન ન થયાં! ભલે ને જીવનનું સર્વસ્વ ખર્ચાઈ ગયું, અને ખુદ જીવનનેય આ શોધમાં વેડફી દેવાયું લાગ્યું! પણ અંતરમાં ઊઠેલી પરમ પ્રકાશની ઝીણી વાણીની સરવાણી તો હું અનુસર્યો છું, પરમ પ્રેમને પંથે ચાલ્યો છું.'

પાછો ધરતીકંપનો ભારે આંચકો આવ્યો. હચમચી ઊઠેલા પ્રેતોરિયમની છત ઉપરથી એકાદ વજનદાર નળિયું પડયું અને વૃદ્ધ આર્તબાનના લમણામાં ઝીંકાયું. એનો શ્વાસ ગૂંગળાઈ ગયો, વદન પીળું પડી ગયું, મૂર્છા આવી ગઈ, અને એનું માથું પેલી છોકરીના

ખભા ઉપર ઢળી પડ્યું, અને ઘામાંથી ધસારાબંધ લોહી વહેવા લાગ્યું. છોકરીને થયું કે વૃદ્ધ મરી ગયો કે શું? એટલે નીચે વળીને એને જોવા લાગી, એજ સમયે એણે ઊતરતી સંધ્યાના આકાશમાંથી શાંત ગેબી વાણી સાંભળી. દૂરથી આવતા સંગીતશો સૂર એણે સાંભળ્યો, પણ શબ્દ અસ્પષ્ટ હતા. ઉપરવાસની શેરીએથી કોઈ બોલ્યું હશે ધારી છોકરીએ ઊંચે જોયું, પણ ત્યાં કોઈ દેખાયું નહિ.

અને પછી વૃદ્ધ આર્તબાન જાણે એ વાણીનો પ્રત્યુત્તર વાળતો હોય એમ એના હોઠ હાલવા લાગ્યા. છોકરીએ કાન માંડ્યા તો એને પાર્થિયન ભાષામાં બોલતો સાંભળ્યો, 'ના, એમ નહિ, પ્રભુ. કારણ કે ક્યારે મેં તમને ભૂખ્યા જોયા અને તમને ભોજન દીધું? કે તરસ્યા જોયા અને પાણી પાયું? ક્યારે મેં તમને અજાણ્યા પ્રવાસી જોઈને ઘરમાં આશરો આપ્યો? કે નગ્ન જોયા અને તમને પહેરાવ્યું? પ્રભુ, ક્યારે મેં તમને માંદા અગર કેદખાનામાં જોયા અને તમારી ખબર કાઢવા આવ્યો? તેત્રીસ તેત્રીસ વર્ષ મેં તમને શોધ્યા, પણ ક્યારેય મેં તમારું મોં જોયું નથી કે તમારી સેવાય કરી નથી, મારા પ્રભુ!"

એનું બોલવું બંધ પડ્યું અને પેલી મધુરી વાણી ફરી સંભળાઈ. અને ફરી એક વાર છોકરીએ ખૂબ આઘેથી આવતી એ ગેબી વાણી સાંભળી. પણ આ વખતે એણે સ્પષ્ટ સાંભળ્યું, "તને સાચે જ કહું છું કે આ મારા ભાઈઓમાંના કોઈ એક તુચ્છમાં તુચ્છને માટે તેં જે કર્યું છે, તે તેં મારે માટે જ કર્યું છે."

હિમગિરિના અંધારઓઢ્યા શિખર ઉપર કોમળ પ્રભાતનું પ્રથમ તેજકિરણ પ્રકાશે, એમ આર્તબાનના મ્લાન મોં ઉપર આશ્ચર્ય અને આનંદનું પ્રશાન્ત કિરણ પ્રકાશી ઊઠ્યું. અન હોઠમાંથી પરમ સંતોષનો આખરી શ્વાસ હળવે રહીને નીકળ્યો.

એની જાત્રા ફળી. એની ભેટો સ્વીકારાઈ. એ ચોથા માગીને રાજાએ દર્શન દીધાં.

☆





# ટ્રાક્ટ સોસાયટીનાં આગામી પ્રકાશનો

(૧) ચોથા માગીની કથા (છપાઇ ગઈ છે)

રેવ. જયાનંદ આઈ. ચૌહાન, ચિત્રો : શ્રી રજની વ્યાસ

(૨) ઈસુજીવનદર્શન (ભાગ ૧) સચિત્ર

કથા : રેવ જયાનંદ આઈ. ચૌહાન; ચિત્રો : શ્રી રજની વ્યાસ

(૩) ગીજુ ગધેડો બેથલેહમમાં સચિત્ર

કથા : કુ. યેશુનંદાબહેન જે. ચૌહાન; ચિત્રો : શ્રી રજની વ્યાસ

(૪) બેનહર (નવલકથા)

શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ

(૫) ક્રાઈસ્ટ કાવ્યો

શ્રી યોસેફ મેકવાન

(૬) સંત થોમા ભારતમાં

અનુવાદ : શ્રી લાયનલ પરમાર

★

## પુનઃમુદ્રણ

(૧) સાધુ સુંદરસિંગ

(૨) ગુલાબી ઓઢણી

(૩) ભજનસંગ્રહ

**હેમીલ્ટન સત્વેદી**
સેક્રેટરી ટ્રા. સો.

પ્રકાશક : ગુજરાત ક્રિશ્ચિયન લીટરેચર બોર્ડ, સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ–૧

નકલ ૫૦૦૦ કિંમત ૧–૫૦

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૩૮૦૦૦૧

